દેશમાં સતત બીજા દિવસે ૩૪ હજારથી વધુ પોઝિટિવ કેસો

દેશમાં કોરોનાના કુલ કેસ ૧૧ લાખની નજીક, ભારત બ્રાઝિલ કરતાં આગળ નીકળ્યુ : ૨૪ કલાકમાં વધુ ૬૭૧ના મોત સાથે મૃત્યુઆંક ૨૬૨૭૩એ પહોંચ્યો, રિકવરી રેટ વધીને ૬૩.૯૩ ટકાએ પહોંચ્યો, ૨૪ કલાકમાં ૧૭૯૯૪ લોકો સ્વસ્થ થયા : મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૮૩૦૮, તમિલનાડુમાં ૪૫૩૮ લોકો પોઝિટિવ મળી આવ્યા

ન્યુ દિલ્હી,તા.૧૮

સમગ્ર દેશમાં કોરોનાનો વાઈરસ ઓક્ટોપસની જેમ ચારે તરફ ફેલાઈ રહ્યો હોય તેમ ગઈકાલે શુક્રવારે પણ ૩૫ હજારની નજીક કેસો નોંધાયા હતા. અનલોક-૨ના ૧૭મા દિવસે શુક્રવારે વધુ ૬૭૧ લોકોના મૃત્યુ સાથે ૩૪,૮૨૦ નવા કેસો ઉમેરાયા હતા. પરિસ્થિતિ દિવસેને દિવસે વકરી રહી છે. છેલ્લા એક સપ્તાહમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો હોય તેમ છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં બ્રાઝીલથી પણ વધારે કેસ નોંધાયા છે. બ્રાઝીલમાં ગઈકાલે ૩૩,૯૫૯ કેસ નોંધાયા છે, જેની સામે ભારતમાં ૩૪,૮૦૦થી વધારે કેસ નોંધાયા છે. તો બિહારમાં એક મંત્રી, એક સાંસદ અને તેમના પત્ની કોરોનાની ઝપટમાં આવી ગયા છે. બીજી તરફ અભિનેત્રી ઐશ્વર્યારાય બચ્ચન અને પુત્રી આરાધ્યાને પણ મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ જ હોસ્પિટલમાં તેમના સસરા અને મહાનાયક અભિતાભ બચ્ચન અને પતિ અભિષેક પણ કોરોની સારવાર હેઠળ છે. જ્યારે ધ લેન્સેટના એક રિપોર્ટ મુજબ, અમેરિકા બાદ ભારતમાં જ ચેપ સૌથી ઝડપી રીતે ફેલાઈ રહ્યો છે અને દેશના ૬૪૦ જિલ્લામાંથી ૬૨૭ જિલ્લા કોરોના વાઈરસ સામે ઝઝૂમી રહ્યા છે.

અનલોક-૨માં દેશમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. અત્યાર સુધી ૧૦ લાખ ૪૦ હજાર ૪૫૭ લોકો સંક્રમિત થઈ ચુક્યા છે. જેમાં ૩ લાખ ૫૯ હજાર ૭૦૧ દર્દી સારવાર હેઠળ છે. અત્યારસુધીમાં ૬ લાખ ૫૪ હજાર ૭૮ લોકો સાજા થયા છે, જ્યારે ૨૬ હજાર ૨૮૫ દર્દીઓના મોત થયા છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૩.૯૩ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૯૯૪ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૬૫૩૭૫૧ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.

કોરોનાના કેસોમાં મહારાષ્ટ્ર સૌથી વધારે અસરગ્રસ્ત રાજ્ય છે. મહારાષ્ટ્રમાં ૨,૯૨,૫૮૯ કેસ નોંધાયા છે. બીજા નંબરે તમિલનાડુમાં ૧,૬૦,૯૦૭, રાજધાની દિલ્હીમાં ૧,૨૦૧૦૭,૯૯૩, કર્ણાટકમાં ૫૫,૧૧૫, ઉત્તરપ્રદેશમાં ૪૫,૧૬૩, તેલંગાણામાં ૪૨,૪૯૬, આંધ્રપ્રદેશમાં ૪૦,૬૪૬, પશ્ચિમ બંગાળમાં ૩૮,૦૧૧ કેસ નોંધાયા છે.

કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબે ભારત વિશ્વનો ત્રીજો સૌથી અસરગ્રસ્ત દેશ બની ગયો છે. અમેરિકા, બ્રાઝિલ બાદ કોરોના મહામારીથી સૌથી વધારે ભારત પ્રભાવિત છે. . જો ૧૦ લાખ વસતી પર સંક્રમિત મામલા અને મૃત્યુદરની વાત કરવામાં આવે તો અન્ય દેશોની તુલનામાં ભારતની સ્થિતિ ઘણી સારી છે. ભારતથી વધારે કોરોનાના કેસો અમેરિકા અને બ્રાઝીલમાં છે.

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૧૪૨૬૪૬૦૧	૬૦૦૯૧૬	૮૨૪૧૬૧૯
ભારત	૧૦૬૬૭૫૭	૨૬૬૮૧	૬૭૧૧૭૬
ગુજરાત	૪૭૪૭૬	૨૧૨૭	૩૪૦૦૫
ગાંધીનગર	૧૧૮૧	૬૮	૭૩૧

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરાનાનો હાહાકાર : નવા ૯૬૦ કેસ

૭૫ લોકો વેન્ટીલેટર ઉપર : અમદાવાદમાં નવા ૧૯૯ કેસ સામે આવ્યા : ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯ લોકોના મૃત્યુ થતા મૃત્યુઆંક ૨૧૨૭ પર પહોંચ્યો : ૧૦૬૧ લોકો ડિસ્ચાર્જ

ગાંધીનગર,તા.૧૮

રાજ્યમાં સતત છઠ્ઠા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૯૦૦ને પાર થઈ ૯૬૦ કેસ નોંધાયા હતા. આજે રાજ્યમાં ૫૨૪૨૯૭ ટેસ્ટ કોરોનાના કરવામાં આવતા ૯૬૦ કેસ પોઝિટિવ નોંધાયા હતા. ગુજરાતમાં કોરોના બેકાબુ બની રહ્યો છે. ત્યારે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. તેમ છતાં આંકડો વધતો જઈ રહ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના ૧૯ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૧૨૭ થયો છે. રાજ્યમાં આજે ૧૦૬૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવતા કુલ ડિસ્ચાર્જ કરવાનો આંકડો ૩૪૦૦૫ થયો છે. રાજ્યમાં હાલની સ્થિતિએ ૧૧૩૪૪ એક્ટિવ કેસ છે. જેમાં ૭૫ વેન્ટીલેટર પર ૧૧૨૬૯ દર્દી સ્ટેબલ છે. ગુજરાતના આરોગ્ય વિભાગના સામે સતત ઓછા ટેસ્ટ કરવાનો આરોપ છે. પરંતુ છેલ્લા બે દિવસથી આરોગ્ય વિભાગે કોરોના ટેસ્ટ વધારી દીધા છે. આજે ૫ લાખને પાર કુલ ટેસ્ટ પહોંચ્યા હતાં.રાજ્યમાં ૨૪ કલાકમાં કોવિડના કારણે ૧૯ દર્દીઓના મોત થયા છે. સુરત કોર્પોરેશનમાં ૭, અમદાવાદ કોર્પોરેશનમાં ૪, સુરતમાં ૩, કચ્છમાં ૨, બનાસકાંઠામાં ૧, નવસારીમાં ૧ અને રાજકોટમાં ૧ દર્દીના મોત થયા છે. આજે કોરોનાના ૯૬૦ કેસ નોંધાયા છે જેમાં સુરત કોર્પોરેશમાં ૨૦૩, અમદાવાદમાં કોર્પોરેશનમાં ૧૮૨, સુરતમાં ૬૫, વડોદરા કોર્પોરેશનમાં ૪૧, રાજકોટ કોર્પોરેશનમાં ૩૮, વડોદરામાં ૩૭, જુનાગઢ કોર્પોરેશનમાં ૨૭, મહેસાણામાં ૨૪, બનાસકાંઠામાં ૨૧, ભાવનગરમાં ૨૧, ગાંધીનગરમાં ૨૦, રાજકોટમાં ૧૯, વલસાડમાં ૧૯, અમદાવાદમાં ૧૭, નવસારીમાં ૧૭, ભાવનગર કોર્પોરેશનમાં ૧૫, ખેડામાં ૧૫, પાટણમાં ૧૫, સુરેન્દ્રનગરમાં ૧૫, ભરુચમાં ૧૩, જુનાગઢમાં ૧૩, સાબરકાંઠામાં ૧૨, ગીર સોમનાથમાં ૧૧, અમરેલીમાં ૧૦, દાહોદમાં ૧૦, કચ્છમાં ૧૦, જામનગર કોર્પોરેશનમાં ૯, ગાંધીનગર કોર્પોરેશનમાં ૮, પંચમહાલમાં ૮, આણંદમાં ૭, બોટાદમાં ૭, મહીસાગરમાં ૭, છોટા ઉદેપુરમાં ૬, નર્મદામાં ૬, અરવલ્લીમાં ૪, મોરબીમાં ૪, તાપીમાં ૨, ડાંગ અને જામનગરમાં ૧-૧ કેસ સપાટીએ આવ્યા છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૪૧૬૩	૧૫૪૨	૧૮૯૬૧
સુરત	૯૪૦૯	૨૫૫	૬૩૧૬
વડોદરા	૩૫૦૮	૫૫	૨૮૦૫
રાજકોટ	૯૩૩	૨૦	૪૦૯
ભાવનગર	૮૭૮	૧૭	૨૬૫
ગાંધીનગર	૧૦૫૧	૩૮	૭૩૧
કચ્છ	૩૦૯	૦૯	૧૮૩
મહેસાણા	૫૫૭	૧૪	૨૩૯
ગીર-સોમનાથ	૧૭૯	૦૧	૫૩
પોરબંદર	૩૦	૦૨	૨૨
પંચમહાલ	૨૮૭	૧૬	૨૧૩
પાટણ	૩૪૩	૨૦	૨૫૮
છોટાઉદેપુર	૯૮	૦૨	૬૦
જામનગર	૪૩૧	૦૯	૨૨૪
મોરબી	૧૨૮	૦૪	૬૫
સાબરકાંઠા	૩૦૭	૦૮	૧૯૬
આણંદ	૩૪૯	૧૩	૩૦૫
દાહોદ	૨૨૪	૦૨	૬૦
ભરૂચ	૫૭૧	૧૧	૩૩૯
બનાસકાંઠા	૪૨૬	૧૬	૩૨૯
ખેડા	૪૨૪	૧૪	૨૬૧
બોટાદ	૧૪૬	૦૩	૮૭
નર્મદા	૧૨૮	૦૦	૧૦૨
અરવલ્લી	૨૬૪	૨૪	૨૨૩
મહીસાગર	૨૦૭	૦૨	૧૪૩
નવસારી	૩૪૫	૦૪	૧૯૧
તાપી	૬૦	૦૦	૪૫
વલસાડ	૪૨૭	૦૫	૨૧૩
જૂનાગઢ	૫૩૮	૦૭	૩૩૩
સુરેન્દ્રનગર	૪૨૮	૦૮	૧૭૦
દેવભૂમિ દ્વારકા	૩૦	૦૩	૨૪
ડાંગ	૦૭	૦૦	૦૭
અમરેલી	૨૧૩	૦૯	૧૦૯
કુલ	૪૭૪૭૬	૨૧૨૭	૩૪૦૦૫

કોરોનાના દર્દીઓને માનસિક તંદુરસ્ત રાખવા અનોખો પ્રયાસ

કોરોનાની મહામારીમાં સૌ કોઈ લોકો પોતાની રીતે કાર્ય કરી કોરોના પોઝિટિવ લોકોને મદદ કરી રહ્યા છે

અમદાવાદ, તા. ૧૮

અર્પણભાઈ નાયકને વિચાર આપ્યો કે કોવિડ હૉસ્પિટલમાં દર્દીઓને વાંચન માટે પુસ્તકો આપવા જોઈએ. જેથી પોતાની પાસે રહેલા ૨૫ પુસ્તકો હૉસ્પિટલમાં પહોંચાડયા. કોરોનાની મહામારીમાં સૌ કોઈ લોકો પોતાની રીતે કાર્ય કરી કોરોના પોઝિટિવ લોકોને મદદ કરી રહ્યા છે. ત્યારે સામાજિક કાર્યકર અર્પણભાઈ નાયક મેન્ટલ હૉસ્પિટલમાં માનસિક બીમાર લોકોની સેવા કરે છે. કોરોનાની મહામારીમાં લોકોની માનસિક સ્થિતિ સારી રહે તે માટેનું કાર્ય કરી રહ્યા છે. ત્યારે કોરોના પોઝિટિવ દર્દીઓનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે ડૉકટર દ્વારા દવા આપવામાં આવે છે. પરંતુ માનસિક રીતે તંદુરસ્ત રહે તે માટે શુ કરવું જોઈએ. ત્યારે અર્પણભાઈ નાયકને વિચાર આપ્યો કે કોવિડ હૉસ્પિટલમાં દર્દીઓને વાંચન માટે પુસ્તકો આપવા જોઈએ. જેથી પોતાની પાસે રહેલા ૨૫ પુસ્તકો હૉસ્પિટલમાં પહોંચાડયા. જે બાદ દર્દીઓએ પણ પુસ્તકો વાંચવાના શરૂ કર્યા. હૉસ્પિટલમાં પુસ્તક પહોંચાડવાના અભિયાન સાથે એક પછી એક લોકો જોડાયા અને લોકો અને સંસ્થા દ્વારા પુસ્તકો આપવાના શરૂ કર્યા.

અર્પણભાઈ અને તેમની ટીમ દ્વારા ૮ હજાર પુસ્તકો એકઠા કરીને અમદાવાદ શહેરની અલગ અલગ હૉસ્પિટલમાં પહોંચાડવાનું શરૂ કર્યું. સામાજિક કાર્યકર અર્પણભાઈ નાયકે જણાવ્યું છે કે, અત્યાર સુધીમાં ૪ હજાર જેટલા પુસ્તકો કોવિડ હૉસ્પિટલમાં પહોંચાડયા છે. સુરત, ગાંધીનગર, વડોદરાની હૉસ્પિટલમાં પુસ્તકો મોકલવા માટેની કાર્યવાહી કરી રહ્યા છે લોકો પણ પ્રેરણા લઈને પુસ્તકો દાન કરી રહ્યા છે. ધાર્મિક, સામાજિક, સફળ વ્યક્તિના જીવન ચરિત્ર, પ્રેરણાદાયક પુસ્તકો આપવામાં આવી રહ્યા છે. જેના કારણે કોવિડના દર્દીઓને મુશ્કેલીના સમયમાં પુસ્તકો સાચા મિત્ર બની રહ્યા છે. પુસ્તકો વાંચીને લોકો માનસિક રીતે તંદુરસ્ત બની રહ્યા છે. અર્પણભાઈ નાયકના અભિયાનની પ્રેરણા લઈ પોસ્ટ વિભાગના કર્મચારી અલ્પેશભાઈ શાહ અને કૃણાલભાઈ વોરા પણ જોડાયા. પોતે પણ પુસ્તકનું દાન કર્યું અને બીજા લોકો પણ આ અભિયાનમાં જોડાય તે માટે પણ અપીલ કરી. ૧૨૦૦ બેડ સિવિલ હૉસ્પિટલ, ઝ્ઝઈઝ કેન્સર હૉસ્પિટલ, યુ. એન.મહેતા, કિડની હૉસ્પિટલ, વી.એસ. હૉસ્પિટલ, જીસીએસ મેડિકલ હૉસ્પિટલ, સોલા સિવિલ, એસ.એમ.એસ. હૉસ્પિટલમાં પુસ્તકો આપવામાં આવ્યા છે. તો ગુજરાત વિદ્યાપીઠ, માતૃભાષા અભિયાન, હરસિદ્ધ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ અનેક લોકોએ પુસ્તકો દાન કર્યા છે.

રાજ્યભરમાં કોરોના ટેસ્ટિંગ વધારવા હાઈકોર્ટમાં પિટિશન

અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં ટેસ્ટિંગ ઓછુ અને મૃત્યુદર વધુ : રાજ્ય સરકારના તમામ દાવા પોકળ

અમદાવાદ, તા. ૧૮

ગુજરાતમાં કોરોનાનો પ્રકોપ દિન-પ્રતિદિન વધતો જઈ રહ્યો છે. 'અનલૉકલ્લમાં છૂટ મળવાથી જીવલેણ વાઈરસનું સંક્રમણ પણ વધુ ઝડપથી ફેલાયું છે. જેને પગલે છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ કોરોના સંક્રમિતોની સંખ્યા ૯૦૦થી વધુ આવી રહી છે. આથી કોરોનાના સંક્રમણને ફેલાતું અટકાવવા માટે ટેસ્ટિંગ વધારવાની જરૂરિયાતનો મામલો હાઈકોર્ટ પહોંચ્યો છે. આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા કોરોના ટેસ્ટિંગ વધારવા માટે સરકારને સૂચના આપવાની માંગ સાથે હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવી છે. અમદાવાદ મેડિકલ એસોસિએસન તરફથી હાઈકોર્ટમાં દલીલ કરવામાં આવી છે કે, અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં કોરોના ટેસ્ટિંગ ઘણાં ઓછા છે. આ બાબતે અમદાવાદ મેડિકલ એસો.ના પ્રમુખ ડૉ. મોના દેસાઈએ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે, દેશના અન્ય રાજ્યોમાં જ્યાં સરેરાશ ૨૫ થી ૩૦ હજાર કોરોના ટેસ્ટ થાય છે. તેની તુલનામાં ગુજરાતમાં ૬ હજાર જેટલા જ ટેસ્ટ થાય છે. જ્યારે ગુજરાતમાં મૃત્યુદર અન્ય રાજ્યોની સરખામણીએ ડબલ છે. આ સિવાય એક જ પરિવારના અનેક સભ્યો કોરોનાથી સંક્રમિત થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સુરતમાં યોગ્ય પ્રમાણમાં ટેસ્ટ ના થવાના કારણે જ કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા સતત વધી રહી છે. રાજ્યના ૧૯ જિલ્લાઓમાં તો કોવિડ-૧૯ના ટેસ્ટિંગની કોઈ સુવિધા જ નથી. આથી અહીં સરકારી અને ખાનગી ટેસ્ટિંગ લેબ ઊભી કરવા માટે સરકારને આદેશ આપવા જોઈએ. આ ઉપરાંત સરકાર રાજ્યમાં રહેલી લેબોરેટરીની માહિતી રજૂ કરે તેવી માંગ પણ કરવામાં આવી છે. આ સિવાય ડૉ. મોના દેસાઈએ અમદાવાદની કોવિડ હોસ્પિટલોમાં મળતી સુવિધા ઉપર પણ સવાલ ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદની કોવિડ હોસ્પિટલોમાં વેન્ટિલેટર ખૂબ જ ઓછા છે. જ્યારે ખાનગી હોસ્પિટલો પણ હાઉસફૂલ છે. હવે આ મામલે આગામી દિવસોમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવી તેની શક્યતા છે.

વધુ ૨૬ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાખોરામાં એક ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલાના પતિ અગાઉ પોઝીટીવ આવ્યા હોવાથી તેણીની સંક્રમિત થઈ હોવાનું જાણવા મળેલ છે. આરોગ્ય કમિશનરની કચેરીમાં ક્લાર્ક સંવર્ગમાં નોકરી કરતા એક ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવક ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામનો રહીશ છે. શાહપુરમાંથી પણ એક ૭૮ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ચિલોડામાંથી પણ આજે વધુ ૧ મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર તાલુકામાં કોરોનાના સંક્રમણના વધતા જતા કેસોને લીધે તંત્રની દોડધામમાં વધારો થવા પામ્યો છે. રાંદેસણમાંથી પણ એક સોસાયટી વિસ્તારમાંથી કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલમાંથી આજે ૮ કેસ મળ્યા છે. જેમાં ૬ કેસ ગ્રામ્યવિસ્તારમાંથી તો બે કેસ અર્બન એરિયામાંથી મળી આવ્યા છે. કલોલ તાલુકાના મુબારકપુર, ડિંગુચા, નારદીપુર, સઈજ, બોરીસણા, પલસાણામાંથી ૧-૧ કેસ મળી આવેલ છે. નારદીપુરમાંથી બીજો કેસ મળ્યો છે. આ દર્દીને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. દહેગામ તાલુકામાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. દહેગામના નાંદોલ અને કડાદરા ગામેથી આ કેસો મળી આવ્યા હોવાનું જાણવા મળેલ છે. માણસા તાલુકામાંથી આજે ૬ કેસ મળી આવ્યા છે. જેમાં અર્બન વિસ્તારમાંથી ૩ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત ચરાડા, લોદરા અને આજોલ ગામેથી એક-એક કેસ મળી આવેલ છે. માણસા તાલુકામાંથી જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. દરમિયાન તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. જિલ્લામાં રિકવરી રેટ સતત વધી રહ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી હાલ ૧૭૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૨૩,૭૩૯ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જેમાં ૨૩,૭૩૯ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ, ૮૫ લોકો સરકારી ફેસેલીટી સેન્ટરમાં તો ૭૭ લોકો પ્રાયવેટ ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

ટેસ્ટીંગ જરૂરી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે અમદાવાદ સહીત અન્ય શહેરોમાંથી પણ મુલાકાતીઓ શહેરમાં પ્રવેશે છે. આવા સંજોગોમાં કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. જિલ્લામાં હાલ કોરોનાના ૧ હજારથી પણ વધુ કેસ છે .ત્યારે રોજબરોજ કેસ વધી રહ્યા છે. ત્યારે બહારગામથી આવતા નાગરિકોનો રેપીડ ટેસ્ટ કરીને પ્રવેશ આપવાની વાત પણ વિસરાઈ છે. અમદાવાદમાં અગાઉ કરતા હાલ કોરોનાના દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હાલ અમદાવાદના એન્ટ્રી પોઈન્ટ પર સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાંથી આવતા મુલાકાતીઓનુ બસ ઉભી રાખીને પણ રેપીડ ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યુ છે. બીજીતરફ ગાંધીનગરના એન્ટ્રી પોઈન્ટ બિન્દાસ્ત રીતે ખુલ્લા છે. બહારગામથી આવતા નાગરિકોનો કોઈ ટેસ્ટ થતો નથી જેના લીધે એક સંક્રમિત વ્યકિત શહેરમાં પ્રવેશે તો પણ ઘણાબધાને ચેપ લગાવી શકે તેમ છે. હાલ જયારે કોરોનાના કેસ શહેરમાં પણ વધી રહ્યા છે ત્યારે સંક્રમિત દર્દી શહેરમાં એન્ટ્રી ન લે તે માટે રેપીડ ટેસ્ટીંગ થિયરી અપનાવવી અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

૮ કેસ નોંધાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અને તંત્રને લેખિતમાં બાંહેધરી આપતાં તંત્રએ તે ગ્રાહ્ય રાખેલ છે. આ મહિલા દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૭ માં રહેતા એક ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જે ખાનગી નાણાંકીય સંસ્થામાં અમદાવાદ ખાતે નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત બાંહેધરી આપતાં તે તંત્રએ ગ્રાહ્ય રાખેલ છે. આ દર્દીના પરિવારની ૧ વ્યક્તીને પણ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

પોલીસ ડિપાર્ટમેન્ટના એસઓજીમાં નોકરી કરતા એક ૩૨ વર્ષીય વ્યક્તીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨-બી માંથી એક ૩૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૬ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

પ્લાઝમા રિસર્ચ સેન્ટરમાં નોકરી કરતા અને સે. ૫-સી માં રહેતા એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. દર્દીના પરિવારના ૨ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૪ માં એક ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મહિલા દર્દીએ હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારની ૪ વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૧ માંથી આજે એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેમને સારવાર માટે ગાંધીનગર-અમદાવાદ માર્ગ પરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨૭ માંથી એક ૮૬ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. વૃદ્ધના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

શહેરમાં વધતા જતા સંક્રમણના કેસોને પગલે તંત્રની કામગીરી પણ વધી જવા પામી છે. શહેરમાં ૪૦૦ થી વધુ લોકોને હાલ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

રોષ ઠાલવ્યો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને કરકસરની વાત કરે પણ નહિ અધિકારી મનદડત ખર્ચાઓ કરે તેમાં કરકસર નહિ. પ્રજાના પ્રશ્નો પાણી જેવા ઉકેલવામાં કરકસર આવે આ તો હદ કહેવાય. આજની આ બેઠકમાં ધારાસભ્યોના આકરા તેવર જોઈ કલેક્ટરે તેમને ઠંડા પાડવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યુ કે આ મુદ્દાઓ તે જોઈ લેશે તેવી હૈયાધારણ પણ આપી હતી. ભાજપના ધારાસભ્યો પછી કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા પણ જિલ્લામાં અધિકારીઓ સાંભળતા નથી તેમનુ માન સન્માન જળવાતુ નથી તેવી ફરિયાદો ઉઠવા પામી છે.

આજે સંકલન સમિતિમાં પંચાયતના ચૂંટાયેલા સભ્યોને પણ બહાર બેસી મળવાની પ્રતિક્ષા કરવી પડે, ધારાસભ્યોને સમય આપ્યા પછી બીજા દિવસે મળીએ આ પ્રકારનું વર્તન અસહ્ય હોવાનું કોંગીના ત્રણેય ધારાસભ્યોએ એકી અવાજે કહ્યુ હતુ. દરમિયાન મળતી વિગતો પ્રમાણે આજે સભ્યોની આક્રમકતાના તેવર અને કામગીરીના વધતા જતા ભારણના બ્હાના હેઠળ પાંચ મહિના પછી મળેલી સંકલન સમિતિની બેઠકો સ્થગિત કરવાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળેલ છે.

વિષમ વાતાવરણને કારણે નાગરિકોના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસરો વધી

વરસાદી પાણીના ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ વધ્યો : ભેજયુક્ત વાતાવરણ સાથે તડકા-છાંયડાની સંતાકૂકડીથી સીઝનલ બિમારીઓનું જોર વધ્યુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં સપ્તાહના પ્રારંભે વરસેલાં વરસાદ બાદ ઠેર ઠેર પાણીના ખાબોચિયાં ભરાયેલાં છે. સપ્તાહના અંતમાં વરસાદે પોરો ખાતા થોડો ઉઘાડ તો નીકળ્યો પરંતુ આ વરાપ સાથે જ મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. આ સાથે વાતાવરણ વાદળછાયું હોવાથી તથા ઘડીકમાં તડકો અને ઘડીકમાં છાંયો થવાથી તેની અસર નાગરિકોના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ વર્તાઈ રહી છે. નાગરિકોમાં સીઝનલ બિમારીઓ જેવી કે શરદી-સળેખમ, તાવ-માથુ દુ:ખવું, હાથપગ તુટવા, એસીડીટી થવી વગેરેનું જોર વધતુ જણાઈ રહ્યું છે.

વરસાદી પાણીના ભરાવાને કારણે અનેક ઠેકાણે કાદવ કીચડની સ્થિતિ સર્જાઈ છે. તેમજ માખી-મચ્છર જેવા રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધ્યો છે. વાતાવરણમાં સતત ભેજના પ્રમાણને લીધે બફારાની સ્થિતિ પ્રવર્તી રહી છે તેમાં વારંવાર તડકો-છાંયો થતો હોવાથી તેથી સરેરાશ નાગરિકોના આરોગ્ય પર ઋતુજન્ય બિમારીઓનું જોર વધી રહ્યું છે.

નાગરિકો દિવસ દરમ્યાન ભેજયુક્ત બારે હવાને કારણે ગભરામણની સ્થિતિ પણ અનુભવી રહ્યાં છે. મચ્છરોનો ઉપદ્રવ વધવાથી રાત્રે ઠંડકભર્યા વાતાવરણમાં પણ સતત પંખો ચલાવવો પડી રહ્યો છે. જેના કારણે શરદી-સળેખમ, ખાંસી, ઉધરસમાં પણ વધારો થઈ રહ્યો છે. આ સાથે શરીરનું કળતર, તાવ, વગેરે જેવી બિમારીઓ પણ જોર પકડતી જોવા મળી રહી છે.